# Dr.Babasaheb Ambedkar Open University, Ahmedabad

## Online Admission Form Spl.B.Ed.(ODL) ભરવા અંગે અગત્યની સૂચનાઓ

**બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન પ્રવેશ માટે યોગ્યતા :**

UGC માન્ય યુનિવર્સિટીમાંથી સાયન્સ, કોમર્સ અથવા આર્ટ્સ વિદ્યાશાખામાં લઘુત્તમ 50% ગુણ (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે 45%) અને એન્જીનિયરીંગ/તક્નીકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત, વિજ્ઞાન વિષયમાં 55% ગુણ (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે 50%) સાથે સ્નાતક/અનુસ્નાતક થયેલ હોય તેવા ઉમેદવાર આ અભ્યાસક્રમમાં અરજી કરી શકશે.

Note: Spl.B.Ed. **પ્રવેશ માટે ઇચ્છુક ઉમેદવારે પોતાની પ્રવેશ લાયકાત ચકાસ્યા બાદ જ GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું.**

- ઉમેદવારે સૌ પ્રથમ ગુજરાત સરકારના કોમન એડમીશન સર્વિસના (GCAS) પોર્ટલ https://gcas.gujgov.edu.in/ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. **જેના માટે ઉમેદવારે PG વિકલ્પ પસંદ કરવાનો રહેશે.** GCAS રજીસ્ટ્રેશન પ્રોસેસ પૂર્ણ થયા બાદ રજીસ્ટ્રેશન ફોર્મની PDF જનરેટ થશે.
- GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન કર્યા બાદ BAOU પોર્ટલ www.baou.edu.in પર ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મનું વેરીફીકેશન સેન્ટર પર નહિ પરંતુ ફોર્મ સાથે ડોક્યુમેન્ટ નિયત સમય મર્યાદામાં જમા કરાવ્યા બાદ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે.
- GCAS પોર્ટલ પરથી મળેલ યુઝરનેઈમ-પાસવર્ડની મદદથી ઉમેદવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર સ્પે.બી.એડ્. માટેની લીંક પર લોગ ઇન કરીને નામ, જાતિ અને વિષય સ્નાતક/અનુસ્નાતક કક્ષા વગેરે વિગતો ભરવી.
- પ્રવેશ પરીક્ષા કેન્દ્ર વિદ્યાર્થીઓની સંખ્યા પર આધારિત રહેશે.
- ફોર્મ ભરતા પહેલાં શૈક્ષણિક લાયકાત માટેનાં તથા અન્ય જરૂરી તમામ Documents સ્કેન કરી યોગ્ય Sizeમાં સોફ્ટ કોપીમાં સાથે રાખવા. પરીણિત બહેનોએ લગ્ન પછીના નામ અંગેની ગેઝેટની કોપી હોય, તો જ બદલાયેલ નામથી ફોર્મ ભરવું. જો તે ન હોય તો શૈક્ષણિક લાયકાત દર્શાવતી માર્કશીટમાં દર્શાવેલ નામથી જ ફોર્મ ભરવું.
- BAOU પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે કોઈપણ પ્રકારની સમસ્યા જણાય કે ક્ષતિ થાય તો admission.info@baou.edu.in ઈ-મેઈલ ID પર Screen-Shot, Mobile No. User name અને Password સાથેનો ઈ-મેઈલ કરવો.
- ફોર્મ save કર્યા બાદ Upload Documents મેનુમાં જઈ નીચે મુજબના Documents Upload કરવા. Documents ની Size વધુ હોય તો તેને Resize કર્યા બાદ Documents Upload કરવા.

Note: **એકવાર પ્રવેશ ફોર્મ સબમીટ કર્યા બાદ આ વિગતો બદલી શકાશે નહિ, તેથી ધ્યાનપૂર્વક વિગતો ભરીને ફાઈનલ સબમિટ કરશો.**

**બિડાણ કરવાના પ્રમાણપત્રો**

1. પાસપોર્ટ સાઇઝનો ફોટો
2. ઉમેદવારની સહી
3. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (સ્કૂલ લીવીંગ સર્ટિ.)
4. સ્નાતક ડિગ્રીની માર્કશીટ તથા પદવી પ્રમાણપત્ર (B.A./ B.COM./B.SC./B.E.)
5. અનુસ્નાતક ડિગ્રીની માર્કશીટ પદવી પ્રમાણપત્ર (M.A./M.COM./M.SC./M.E.)
6. RCI માન્ય ડિપ્લોમા કોર્સની માર્કશીટ તથા પ્રમાણપત્ર

7. દિવ્યાંગ હોવા અંગેનું પ્રમાણપત્ર((PH 60% વિકલાંગતા) (જો લાગુ પડતું હોય તો)

8. દિવ્યાંગ વ્યક્તિના માતા-પિતા (જો લાગુ પડતું હોય તો બાળકનું પ્રમાણપત્ર જોડવું)

9. જાતિનું પ્રમાણપત્ર (SC/ST ઉમેદવારો માટે)

10. SEBC જાતિનું પ્રમાણપત્ર નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ સાથે આપવાનું રહેશે. નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ તા.31/03/2025 પછીની તારીખનું હોવું જોઈએ. **જો હાલનું નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ** તા.31/03/2025 **પહેલાનું હોય પણ તેની માન્યતા 3 વર્ષની હોય, તો** આવા પ્રવેશાર્થીએ તેમની આવકની પુષ્ટિ માટે **ફોર્મ-16 અથવા પગાર સ્લીપ** આપવી જરૂરી છે.

11.EWS સર્ટિફિકેટ (લાગુ પડતું હોય તો)

12. આધારકાર્ડની નકલ

13. રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની પદવી મેળવનાર ઉમેદવારે પ્રવેશ મેળવતા પહેલા (કાઉન્સેલિંગના સમયે) જે યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તે યુનિવર્સિટીનું ખરાઈનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જે ઉમેદવાર ખરાઈનું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો તેઓને પ્રવેશનો હક રહેશે નહિ.

- ડોક્યુમેન્ટ અપલોડ કર્યા બાદ **'Final Admission Submission'** પર ક્લિક કરવાનું રહેશે. જે કરવાથી પ્રવેશાર્થીનું **e-Admission Form PDF**માં જનરેટ થશે. જે પ્રિન્ટ કરવાનું રહેશે.
- પ્રિન્ટ કરેલ પ્રવેશ ફોર્મની સાથે ઉપર જણાવેલ તમામ ડોકયુમેન્ટસની **(Self-attested)** સ્વયં પ્રમાણિત કરેલ કોપીનું બીડાણ કરી **તા.05/08/2025** સુધીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ સ્વખર્ચે રૂબરૂ યુનિવર્સિટીના રિસેપ્શન કાઉન્ટર પર ઇનવર્ડ કરાવવાનું રહેશે અથવા નીચે આપેલ સરનામે, રજીસ્ટર્ડ પોસ્ટથી નિયત સમય મર્યાદામાં પહોંચે તે રીતે ફરજિયાત મોકલવાનું રહેશે.

**Note: જે ઉમેદવારના પોતાના સર્ટીફિકેટ અન્ય કચેરીએ જમા લીધેલ હોય તો તેવા ઉમેદવારે તે અંગેની પહોંચની પ્રમાણિત નકલ જોડવી.**

- પ્રવેશ, પરીક્ષા અને અન્ય સૂચનાઓ માટે નિયમિત રીતે યુનિવર્સિટી વેબસાઈટ **www.baou.edu.in** જોવા વિનંતી.

**સરનામું :**

**Admission Department**

**Dr. Babasaheb Ambedkar Open University**

**'Jyotirmay' Parisar,**

**Sarkhej-Gandhinagar Highway,**

**Chharodi, Ahmedabad-**382 481